## સમીક્ષા 154 (1) તારીખ 1/1/17

**દેશના વડાપ્રધાન દ્વારા ડિજીટલ પેમેન્ટ માટે ભીમ એપ લોન્ચ કરવામાં આવી...**

૧) 30 ડીસેમ્બર 2016 ના રોજ દિલ્હીના તાલકટોરા સ્ટેડીયમ ખાતે ડીજીધન મેળામાં આ એપનું લોન્ચિંગ કરવામાં આવ્યું હતું.

૨) ભીમ એપ યુ.પી.આઈ.એનેબલ્ડ એપ છે, જે ઈન્ટરનેટ વગર ચાલશે.

૩) ભીમ એટલે 'ભારત ઈન્ટરફેસ ઓફ મની' નામ આપવામાં આવેલ છે,જયારે યુ.પી.આઈ.એટલે 'યુનીફાઈડ પેમેન્ટ ઈન્ટરફેસ',તેમજ યુ.એસ.એસ.ડી.નો મતલબ 'અન્ટ્રકચર્ડ સપ્લીમેન્ટ્રી સર્વિસ ડેટા' દ્વારા આ પેમેન્ટ સિસ્ટમ કામ કરશે.

૪) નેશનલ પેમેન્ટ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા દ્વારા ભીમ એપ બનાવવામાં આવી છે.

૫) આપણા બંધારણના નિર્માતા બાબા સાહેબ આંબેડકરના નામ પરથી આ એપ બનાવવામાં આવેલ છે.

૬) હાલ આ એપમાં બે ભાષાઓથી વ્યવહાર થઇ શકશે, તેમાં હિન્દી અને અંગ્રેજીનો સમાવેશ થાય છે.

૭) આ એપ દ્વારા એક દિવસમાં ઓછામાં ઓછુ 10 હજાર અને વધારેમાં વધારે 20 હજારનું પેમેન્ટ ટ્રાન્સફર કરી શકાશે, કોઈ ચાર્જ લાગશે નહિ.

## સમીક્ષા 155 (1) તારીખ 2/1/17

**કેન્દ્ર સરકાર દ્વારા આઈ.એસ.એ. ફ્રેમવર્ક સમજુતી કરારને મંજુરી આપવામાં આવી...**

૧) 28 ડીસેમ્બર 2016 ના રોજ કેન્દ્ર સરકાર દ્વારા આઈ.એસ.એ. ફ્રેમવર્ક સમજુતી કરારને મંજુરી અપાયેલ છે.

૨) વિશ્વના 121 દેશોએ 30 નવેમ્બર 2015 ના રોજ પેરિસમાં સયુંકત રાષ્ટ્ર અંતર્ગત આયોજિત 21 મી જળવાયું પરિષદમાં આઈ.એસ.એ.ની રચના કરી હતી.

આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો

૩) 121 દેશો આ સમજુતી કરાર સાથે જોડાયા બાદ નવેમ્બર 2016 માં મોરોક્કો માં યોજાયેલી 22 મી જળવાયું પરિષદમાં આ સમજુતી પર હસ્તાક્ષર લેવામાં આવ્યા હતા.

૪) હાલમાં દેશના વડાપ્રધાન દ્વારા આ સમજુતી કરાર પર હસ્તાક્ષર કરવાની મંજુરી આપી દેવામાં આવી છે.

૫) આજ સુધીમાં 25 દેશોએ તેના પર હસ્તાક્ષર કરી દીધા છે, આઈ.એસ.એ.નો ઉદેશ્ય 121 દેશોમાં પ્રાથમિક તબક્કાઓની સુવિધાઓ પ્રદાન કરવા પર ભાર મુકાશે.

૬) આ સંસ્થાનું કાર્યાલય હરિયાણાના ગુંડગાવમાં તૈયાર કરવામાં આવી રહ્યું છે.

૭) ભારત સરકાર દ્વારા વર્ષ 2022 સુધીમાં દેશમાં સૌર ઉર્જા ક્ષમતા વધારીને 100 ગીગવોટ કરવાનું લક્ષ્ય રાખવામાં આવેલ છે.

## સમીક્ષા 156 (1) તારીખ 3/1/17

**ડીફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન દ્વારા અગ્નિ–4 મિસાઈલનું સફળ પરીક્ષણ કરાયું...**

૧) 2 જાન્યુઆરી 2017 ના રોજ બાલાસોરથી અગ્નિ–4 મિસાઈલનું પરીક્ષણ કરવામાં આવેલ છે.

૨) પરમાણું ક્ષમતાથી સજ્જ સ્ટ્રેટેજીક મિસાઈલ અગ્નિ–4 ની મારક ક્ષમતા 4 હજાર કિમી છે.

૩) આ મિસાઈલ એટમી હથિયાર લઈ જવા માટે પણ સક્ષમ છે.

૪) આ પહેલા 27 ડીસેમ્બર 2016 ના રોજ અબ્દુલ કલામ આઈલેન્ડ પરથી 5 હજાર કિમી રેંજ વાળી અગ્નિ–5 મિસાઈલનું સફળ પરિક્ષણ કરી લેવામાં આવેલ છે.

૫) આ મિસાઈલ ધારેલા લક્ષ્યાંકને ચાર હજાર કિમી સુધી પૂર્ણ કરી શકે તેમ છે.

૬) અગ્નિ–1 –700 કિમી,અગ્નિ–2–2000 કિમી,અગ્નિ–3–2500 કિમી,અગ્નિ–4–3500 કિમી,અગ્નિ–4–4000 કિમી,અને અગ્નિ –5–5000 કિમીની મારક ક્ષમતા ધરાવે છે.

આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો

૭) હવે ભારત પાસે ટૂંકા મધ્યમ અને લાંબા ગાળા સુધીના લક્ષ્યાંકો પાર કરી શકાય તેવી મિસાઈલો તૈયાર થઈ ચુકી છે.

## સમીક્ષા 157 (1) તારીખ 4/1/2017

### એન્ટોનિયો ગુટેરસે સયુંકત રાષ્ટ્ર મહાસચિવનો કાર્યભાર સંભાળ્યો...

૧) 1 જાન્યુઆરી 2017 ના રોજ એન્ટોનિયો ગુટેરસે સયુંકત રાષ્ટ્ર મહાસચિવનો કાર્યભાર સંભાળેલ છે.

૨) હવેથી તેઓ પાંચ વર્ષ માટે સયુંકત રાષ્ટ્રમહાસચિવના પદ પર નિયુક્ત થાય છે.

૩) એન્ટોનિયો ગુટેરસે બાન કી મૂનનું સ્થાન લીધેલ છે,બાન કી મુન 31 ડીસેમ્બર 2016 ના રોજ પોતાના પદ પરથી નિવૃત થયા છે.

૪) એન્ટોનિયો ગુટેરસનો જન્મ 30 એપ્રિલ1949 ના રોજ પોર્ટુગલના લિસ્બનમાં થયો હતો.

૫) એન્ટોનિયો ગુટેરસે વર્ષ1995 થી 2000 સુધી પોર્ટુગલના પ્રધાનમંત્રી તરીકે ફરજ બજાવી છે.

૬) એન્ટોનિયો ગુટેરસ આ પહેલા યુ.એન.ની શરણાર્થી સંસ્થાના પ્રમુખ રહી ચુક્યા છે.

૭) એન્ટોનિયો ગુટેરસ સયુંકત રાષ્ટ્રની મહાસભાના નવમા રાષ્ટ્રપ્રમુખ બન્યા છે.

## સમીક્ષા 158 (1) તારીખ 5/1/17

### એયર માર્શલ એસ.બી.દેવને વાયુસેનાના ઉપપ્રમુખ પદ પર નિયુક્ત કરવામાં આવ્યા...

૧) 2 જાન્યુઆરી 2017 ના રોજ એયર માર્શલ એસ.બી. દેવને વાયુસેનાના મુખ્ય કાર્યાલયમાં ઉપપ્રમુખ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

૨) તેઓ હવેથી એયર માર્શલ બી.એસ. ધનોવાનું સ્થાન ગ્રહણ કરશે.

૩) હવેથી એસ.બી.ધનોવા વાયુસેનાના પ્રમુખ તરીકેની કામગીરી કરશે,આ પહેલા એસ.બી.ધનોવા પશ્ચિમ વાયુસેના કમાનના કમાન્ડર હતા.

આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો

૪) એયર માર્શલ એસ.બી.દેવને 15 જુન 1979 ના રોજ ભારતીય વાયુસેનામા પાયલટના રૂપમાં નિયુક્ત કરવામાં આવ્યા હતા.

૫) એયર માર્શલ એસ.બી.દેવને રાષ્ટ્રપતિ દ્વારા વાયુસેના પદક તથા પરમ વિશિષ્ઠ સેવા પદક અતિ વિશિષ્ઠ સેવા પદક અને એ.ડી.સી.થી સન્માનિત કરાઈ ચુક્યા છે.

૬) તેઓએ મીગ–21 બી.આઈ.એસ.ઓ.એન.સ્ક્વાડ્રનની કમાન પણ સંભાળેલી છે.

૭) તેઓ 3800 કલાકથી વધારે ઉડાન સંચાલન અને પ્રશિક્ષણ ઉડાન સાથે એક ફ્લાઈટ કોમ્બેટ લીડર અને એક કેટ એના ફ્લાઈંગ પ્રશિક્ષક પણ રહી ચુક્યા છે.

**સમીક્ષા 159 (૧) તા 6/1/17**

**દેશના પ્રધાનમંત્રી દ્વારા તિરુપતિમાં 104 મું ભારતીય વિજ્ઞાન કોંગ્રેસ સંમેલન ખુલ્લું મુકવામાં આવેલ...**

૧) 4 જાન્યુઆરી 2017 ના રોજ દેશના પ્રધાનમંત્રી દ્વારા તિરુપતિમાં 104 મું ભારતીય વિજ્ઞાન કોંગ્રેસ સંમેલન ખુલ્લું મુકવામાં આવેલ.

૨) આ સંમેલન પાંચ દિવસ સુધી ચાલનાર છે, તેની થીમ રાષ્ટ્રીય વિકાસ માટે વિજ્ઞાન અને પ્રદ્યોગીકી રખાયેલી છે.

૩) આ પ્રસંગે પ્રધાનમંત્રી દ્વારા નોબેલ શાંતિ પુરસ્કાર વિજેતાઓ સહીત જાણીતા વૈજ્ઞાનિકોની સભાને પણ સંબોધિત કરી હતી.

૪) તિરુપતિમાં આ સંમેલન વર્ષ 1983 માં યોજાયું હતું,આ વખતે બીજીવાર તિરુપતિ નેશનલ સાયન્સ વિજ્ઞાન કોંગ્રેસની મેજબાની કરી હતી.

૫) આ કાર્યક્રમમાં દેશના વડાપ્રધાન દ્વારા નોબેલ પુરસ્કાર વિજેતાઓને સુવર્ણચંદ્રકથી નાવાજેલ છે.

૬) ભારતીય વિજ્ઞાન કોંગ્રેસની સ્થાપના વર્ષ 1914 માં કરવામાં આવી હતી.

૭) આ સંસ્થાનું વડુમથક પશ્ચિમ બંગાળ કોલકાતામાં આવેલ છે.

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

૮) દર વર્ષે જાન્યુઆરી માસના પ્રથમ સપ્તાહમાં આ સંમેલન આયોજિત કરવામાં આવે છે.

**સમીક્ષા 160 (1) તા 7/1/2017**

**ગંગા નદીની સફાઈ માટે કચરા નૌકાનો આરંભ કરવામાં આવશે...**

૧) રાષ્ટ્રીય સ્વચ્છ ગંગા મિશન (એન.એમ.સી.જી.) અંતર્ગત ટૂંક સમયમાં ગંગાની સફાઈ માટે જાન્યુઆરી 2017 ના પ્રથમ સપ્તાહમાં કચરો એકત્રિત કરનાર એક નૌકા ચલાવવામાં આવશે.

૨) આ પરિયોજના માટે એ છ શહેરોને પસંદ કરવામાં આવ્યા છે, જે ગંગા નદીના કાંઠા પર વિસ્તરેલ છે.

૩) જળ સંસાધન, નદી વિકાસ અને ગંગા સંરક્ષણ મંત્રાલય દ્વારા અધિકારીક રૂપથી આ સંબધે સુચના આપવામાં આવેલ છે.

૪) ઋષિકેશ, ગઢ મુક્તેશ્વર, સાહિબગંજ, હરિદ્વાર, નવદ્વીપ અને કોલકાતામાં આ પ્રકારના વાહનને શરુ કરવામાં આવશે.

૫) શહેરી વિકાસ વિભાગને આ કાર્યની દેખરેખ સોંપવામાં આવશે.

૬) નદીના તળની સફાઈ માટે ગયા વર્ષમાં અલ્હાબાદ કાનપુર, મથુરા–વૃંદાવન અને વારાણસીમાં તેનો આરંભ કરવામાં આવ્યો હતો.

૭) આ યોજનાનો પ્રારંભ રાષ્ટ્રીય ગંગા બેસીન પ્રાધિકરણ દ્વારા કરવામાં આવેલ છે.

**સમીક્ષા 161 (1) તારીખ 8/1/2017**

**બેંગ્લોરમાં 14 માં પ્રવાસી ભારતીય દિવસ અંતર્ગત સંમેલન શરુ...**

૧) 7 જાન્યુઆરી 2017 થી બેંગ્લોરમાં 14 માં પ્રવાસી ભારતીય દિવસનું સંમેલન શરુ થઇ ગયેલ છે.

૨) આ સંમેલન ત્રણ દિવસ માટે આયોજિત કરવામાં આવેલ છે.

આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો

૩) સુરીનામના ઉપરાષ્ટ્રપતિ મિશેલ અશ્વિન અદીન યુવા પ્રવાસી ભારતીય દિવસના ઉદ્દ્ઘાટન સત્રને સંબોધિત કરશે.

૪) કર્ણાટકના મુખ્યમંત્રી સિદ્ધા રમૈયા અને વિદેશ રાજ્યમંત્રી જનરલ વી.કે. સિંહ પણ સત્રને સંબોધશે.

૫) આ સત્રની અધ્યક્ષતા ખેલ અને યુવા બાબતોના મંત્રી વિજય ગોયલ કરશે.

૬) આ ત્રણ દિવસના કાર્યક્રમમાં ચાર હજારથી વધારે પ્રવાસી ભારતી સામેલ થશે.

૭) યુવા પ્રવાસી ભારતીય દિવસનો વિષય છે, ભારતના પરિવર્તનમાં પ્રવાસી યુવા ભારતીયોની ભૂમિકા.

૮) મુખ્ય સંમેલનનું ઉદ્દ્ઘાટન પ્રધામંત્રી નરેન્દ્રભાઈ મોદી કરશે, અને સમારોહના અતિથી વિશેષ તરીકે પોર્ટુગલના પ્રધાનમંત્રી એન્ટોનિયો રહેશે.

## સમીક્ષા 162 (1) તા 9/1/2017

**વર્ષ 2017 ના 12 ડેસ્ટીનેશન વોચમાં કેરળ આઠમા સ્થાને આવ્યું...**

૧) બ્રિટનની સૌથી મોટી ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ એસોસીએશન દ્વારા 12 ડેસ્ટીનેશન ટુ વોચ ઈન 2017 ની યાદી બહાર પાડવામાં આવેલ છે.

૨) વર્ષ 2017 માં જોવાલાયક 12 જગ્યાઓમાં કેરળને આઠમું સ્થાન આપવામાં આવેલ છે.

૩) એસોસીએશન ઓફ બ્રિટીશ ટ્રાવેલ્સ દ્વારા કેરળને અમેરિકા, સાર્ડેનીયા(ઇટાલીનો દ્વીપ),દક્ષિણ આફ્રિકા, અને વિયેતનામ કરતા ઉચ્ચ સ્થાન પ્રાપ્ત થયેલ છે.

૪) આ સૂચિમાં એન્ડાલુસિયા (સ્પેન) અજોરેસ દ્વીપ (પોર્ટુગલ) બર્મુડા અને ચિલીને સ્થાન આપવામાં આવેલ છે.

૫) આ સૂચિમાં કેરળની વિવિધતાને સ્થાન મળેલ છે, તેમાં નૌકાઘર સ્થાન પણ આપવામાં આવેલ છે.

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

૬) કેરળની મસાલાની ખેતીનો પણ તેમાં ઉલ્લેખ જોવા મળે છે.

૭) કેરળની રાજધાની ત્રિવેન્દ્રમને ભારતના મસાલાના બગીચા તરીકે ઓળખવામાં આવે છે.

## સમીક્ષા 163 (1) તારીખ 10/1/2017

**ડોક્ટર બરઈ અને શિવાંગીને પ્રવાસી ભારતીય સન્માન આપવામાં આવ્યું...**

૧) 9 જાન્યુઆરી 2017 ના રોજ દેશના રાષ્ટ્રપતિ દ્વારા અમેરિકામાં રહેલા ભારતીય મૂળના બે ડોક્ટરો, ડોકટર ભરત બરઈ અને ડોકટર શિવાંગી સંપતને પ્રતિષ્ઠિત પ્રવાસી ભારતીય સન્માન આપવામાં આવેલ છે.

૨) બેંગ્લોરમાં આયોજિત કાર્યક્રમના અંતિમ દિવસે તેઓને સન્માન પ્રદાન કરવામાં આવેલ.

૩) શિકાગોના નિવાસી ડોક્ટર બરઈએ સપ્ટેમ્બર 2014 માં પ્રધાનમંત્રીના મૈડીસીન સ્કવેર ગાર્ડન કાર્યક્રમની સફળતા માટે કાર્ય કર્યું હતું.

૪) મિસીસિપીના રહેવાસી ડોકટર શિવાંગી સંપતને ત્યાંના સાંસદો દ્વારા ભારત અમેરિકી સંબધોને વધારે સારા બનાવવા માટે આ પુરસ્કાર આપવામાં આવેલ.

૫) ડોક્ટર બરઈ એ આ પુરસ્કારનો શ્રેય ન્યુજર્સી, શિકાગો અને ન્યુયોર્કના કાર્યકર્તાઓને આપેલ છે.

૬) ભારત સરકાર દ્વારા વિદેશોમાં રહેનાર ભારતીય નાગરિકો પ્રત્યે સન્માન માટે વર્ષ 2003 થી પ્રવાસી ભારતીય સન્માનનો આરંભ કરવામાં આવેલ છે.

૭) જેણે વિદેશમાં રહીને ભારતની પ્રતિષ્ઠાને સારી બનાવવામાં પ્રયાસ કરેલ હોય તેને આ સન્માન આપવામાં આવે છે.

## સમીક્ષા 164 (1) તા 11/1/2017

**હરિયાણામાં ખેલ વિશ્વવિદ્યાલય સ્થાપિત કરવામાં આવશે.**

૧) હરિયાણાને ખેલ અને યુવા કાર્યક્રમના મંત્રી અનીલ વીજને જણાવ્યું છે કે રાજ્યમાં આંતરરાષ્ટ્રીય સ્તરની રમત–ગમત સુવિધાઓ ઉપલબ્ધ કરવવામાં આવશે.

૨) આ માટે રાજ્યમાં ખેલ વિશ્વવિદ્યાલય સ્થાપિત કરવામાં આવશે, તેમાં અનુભવી લોકોનો સહયોગ લેવામાં આવશે.

૩) રાજયના જિલ્લાઓ અને બ્લોક કક્ષાએ સ્પોટ્ર્સ કાઉન્સીલ ખોલવામાં આવશે.

૪) પ્રયેક જિલ્લાઓમાં ત્રણ કરોડના ખર્ચે સુવર્ણ જયંતી ખેલ સુવિધા કેન્દ્રની સ્થાપના કરવામાં આવશે.

૫) દરેક જિલ્લાઓમાં સુવર્ણ જયંતિ ઇનડોર સ્ટેડીયમ પણ ખોલવામાં આવશે.

૬) આ ઇનડોર સ્ટેડીયમ માટે 25 કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવશે.

૭) છેલ્લા બે વર્ષમાં હરિયાણા સરકાર દ્વારા આંતરરાષ્ટ્રીય અને રાષ્ટ્રીય સ્તરની સ્પર્ધાઓમાં વિજેતા સ્પર્ધકોને હરિયાણા રાજ્ય ડેવલપમેન્ટ ફંડ દ્વારા 92.40 કરોડ રૂપિયાની રકમ પ્રદાન કરવામાં આવી છે.

## સમીક્ષા 165 (1) તા 12/1/2017

**12 મો વિશ્વ હિન્દી દિવસ મનાવવામાં આવ્યો...**

૧) 10 જાન્યુઆરી 2017 ના રોજ ભારતના વિદેશ મંત્રાલય દ્વારા 12 મો વિશ્વ હિન્દી દિવસ મનાવવામાં આવ્યો.

૨) આ દિવસે વિદેશ મંત્રાલય દ્વારા રાજભાષાને મહત્વ આપવાના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

૩) આ દિવસ મનાવવાનો ઉદેશ્ય વિશ્વમાં હિન્દીના પ્રચાર–પ્રસાર અને જાગરૂકતા લાવવા માટે નો રખાયો હતો.

૪) ભારતીય વિદેશ મંત્રાલય દ્વારા વિદેશમાં પ્રથમવાર વિશ્વ હિન્દી દિવસ 10 જાન્યુઆરી 2006 ના રોજ મનાવ્યો હતો.

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

www.edusafar.com

૫) આ દિવસ 14 સપ્ટેમ્બરના રોજ મનાવવામાં આવતા રાષ્ટ્રીય હિન્દી દિવસનો જ એક ભાગ છે.

૬) વિશ્વ હિન્દી દિવસ દર વર્ષે 10 જાન્યુઆરીના રોજ મનાવવામાં આવે છે.

૭) રાષ્ટ્રીય હિન્દી દિવસ 14 સપ્ટેમ્બરને વર્ષ 1949 થી હિન્દીને રાજભાષા તરીકે સ્વીકાર કરવા બદલ મનાવવામાં આવે છે.

૮) હિન્દી વિશ્વની ચોથા નંબરની સૌથી વધારે બોલાનારી ભાષા છે.

## સમીક્ષા 166 (1) તા 13/1/2017

**દેશના પ્રધાનમંત્રી દ્વારા આંતરરાષ્ટ્રીય સ્ટોક એક્સચેન્જનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું...**

૧) 9 જાન્યુઆરી 2017 ના રોજ ભારતના પ્રથમ આંતરરાષ્ટ્રીય સ્ટોક એક્સચેન્જનો પ્રારંભ દેશના વડાપ્રધાન દ્વારા કરવામાં આવ્યો.

૨) આ કાર્યક્રમ ગુજરાતના ગાંધીનગર પાસે તૈયાર થયેલા ગીફ્ટ સિટીમાં આયોજિત કરવામાં આવ્યો હતો.

૩) ઈન્ડિયા આઈ.એન.એક્સ.દ્વારા દેશના વિકાસ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર સંબધી જરૂરિયાતો માટે નાણાની વૃદ્ધિ માટેના પ્રયોસા શોધવામાં આવશે.

૪) આ એક્સચેન્જનું ઉદ્ઘાટન ગુજરાતમાં આયોજિત થયેલ વાઈબ્રન્ટ સમિટ અનુસંધાને કરવામાં આવ્યું હતું.

૫) આ એક્સચેન્જ દિવસના 22 કલાક સુધી કાર્યરત રહેશે.

૬) આ સેન્ટરના વિશ્વના સ્તર પર 250 જેટલા ટ્રેડીંગ મેમ્બર રહેશે.

૭) આ સેન્ટરની વિશેષતા એ છે કે તે જાપાનના માર્કેટ ખુલવાના સમયથી માંડીને અમેરિકાના માર્કેટ બંધ થવા સુધી કાર્યરત રહેશે.

## સમીક્ષા 167 (1) તા 14/1/2017

આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો

**શ્રીજેશ એફ.આઈ.એચ.એથલીટ સમિતના સદસ્ય નિયુક્ત થયા...**

૧) ફેડરેશન ઓફ ઇન્ટરનેશનલ હોકીના કાર્યકારી બોર્ડ દ્વારા 11 જાન્યુઆરી 2017 ના રોજ ભારતીય સીનીયર પુરુષ હોકી ટીમના કેપ્ટન પી.આર.શ્રીજેશને સમિતિના સદસ્ય તરીકે નિયુક્ત કરાયા છે.

૨) હાલમાં ફેડરેશન ઓફ ઇન્ટરનેશનલ હોકીના કાર્યકારી બોર્ડમાં આઠ સદસ્યો છે.અને પૂર્વ હોકી ખેલાડી સામેલ છે.

૩) આ સદસ્યોએ વૈશ્વિક સંસ્થાની પ્રક્રિયામાં ખેલાડીઓની ભૂમિકા સુનીશ્ચિત કરવાની હોય છે.

૪) હાલ શ્રીરાજેશ 21 જાન્યુઆરી 2017 થી શરુ થઇ રહેલ હોકી ઇન્ડિયા લીગની તૈયારીમાં લાગેલા છે.

૫) આ લીગમાં તેઓ ઉત્તરપ્રદેશ વિઝાર્ડસ તરફથી રમશે.

૬) પી.આર.શ્રીજેશે વર્ષ 2014 માં એશીયાઇ ખેલોમાં સુવર્ણચંદ્રક જીત્યો હતો.

૭) ફેડરેશન ઓફ ઇન્ટરનેશનલ હોકી સંસ્થાની સ્થાપના 7 જાન્યુઆરી 1924 થઈ હતી,તેનું મુખ્ય કાર્યાલય લુસાને, સ્વીત્ઝરલેન્ડમાં આવેલ છે.

**સમીક્ષા 168 (1) તા 15/1/2017**

**ભારતે પિનાકા રોકેટનું સફળ પરીક્ષણ કર્યું...**

૧) ભારતના ડી.આર.ડી.ઓ. દ્વારા ભારતીય સેના માટે 12 જાન્યુઆરી 2017 ના રોજ ચાંદીપુર પરિક્ષણ રેંજથી પિનાકા રોકેટનું સફળ પરીક્ષણ કરવામાં આવેલ છે.

૨) આ રોકેટ નેવિગેશન આધારિત ગાઈડેડ રોકેટ છે, જેને કંટ્રોલ કીટની મદદથી ઓપરેટ કરી શકાય છે.

૩) નવા વિકસાવાયેલા પિનાકા રોકેટની મારક ક્ષમતા પહેલા કરતા વધારવામાં આવી છે.

૪) પહેલા કરતા સુનીશ્ચિત લક્ષ્ય સાધવા માટે પણ તે સારું પુરવાર થશે.

આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો

www.edusafar.com

૫) પિનાકાની મારકક્ષમતા 60 કિલોમીટર જેટલી છે, તે સાડા ત્રણ વર્ગ કિલોમીટર ક્ષેત્રમાં એક સાથે દુશ્મનોના ઘણા ઠેકાણાઓ નષ્ટ કરી શકે છે.

૬) આ રોકેટમાં એન્ટી રડાર સીસ્ટમ લગાવવામાં આવેલ છે, તેથી રડારમાં દેખાઈ શકશે નહિ.

૭) આ પહેલા જાન્યુઆરી 2017 ના પ્રથમ સપ્તાહમાં રાજસ્થાનના સીમાંત જેસલમેર જિલ્લાના પોખરણ પરીક્ષણ રેન્જમાં વિકસાવેલ પિનાકા–માર્ક 2 મિસાઈલનું સફળ પરીક્ષણ કરવામાં આવેલ.

## સમીક્ષા 169 (1) તા 16/1/2017

**રોનાલ્ડો અને બોલ્ટ લૌરેંસ વિશ્વ ખેલ એવોર્ડ માટે પસંદગી પામ્યા...**

૧) પોર્ટુગલના ફૂટબોલ ખેલાડી ક્રિસ્ટીયાનો રોનાલ્ડો અને જમૈકાના ઝડપી દોડવીર ઉસેન બોલ્ટને લૌરેંસ વિશ્વ ખેલ એવોર્ડ 2017 માટે પસંદ કરાયા છે.

૨) લૌરેંસ વિશ્વ ખેલ એવોર્ડ 2017 ની યાદી નોવાક જોકોવિચે રજુ કરેલ છે.

૩) નોવાક જોકોવિચ ખુદ વર્ષ 2016 માં આ એવોર્ડના વિજેતા રહી ચુક્યા છે.

૪) ઉસેન બોલ્ટે ત્રણ વાર ઓલિમ્પિકમાં સુવર્ણચંદ્રક પ્રાપ્ત કરેલ છે.

૫) બોલ્ટ આ પહેલા ત્રણ વાર આ એવોર્ડ જીતી ચુક્યા છે.

૬) લૌરેંસ વિશ્વ ખેલ એવોર્ડ–2017 ના પુરસ્કારો માટે ખેલાડીઓની પસંદગી વર્લ્ડ મીડિયા દ્વારા કરવામાં આવે છે.

૭) આ વર્ષના લૌરેંસ એવોર્ડ માટે છ નામનો પસંદગી થયેલ છે, તે તમામ ઓલિમ્પિક પદક વિજેતાઓ છે.

૮) લૌરેંસ વિશ્વ ખેલ વિજેતાઓની જાહેરાત 14 ફેબ્રુઆરી 2017 ના રોજ કરવામાં આવશે.

## સમીક્ષા 170 (1) તા 17/1/2017

**69 મો સેના દિવસ 15 જાન્યુઆરીએ મનાવવામાં આવ્યો....**

આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો

## GK Samixa 1 થી 31 જાન્યુઆરી, સામાન્ય જ્ઞાન

૧) ભારતમાં ૧૫ જાન્યુઆરી 2017 ના રોજ 69 મો સેના દિવસ મનાવવામાં આવ્યો.

૨) દિલ્હીના કરિયપ્પા પરેડ ગ્રાઉન્ડમાં સેના પ્રમુખ જનરલ બીપીન રાવતે અમર જવાન જ્યોતિ પર બલિદાની જવાનોને શ્રદ્ધાંજલિ અર્પી હતી.

૩) ત્યારબાદ દિલ્હી કેન્ટમાં પરેડની સલામી જીલીને જવાનોની વિધવાઓને સેના મેડલ તથા બીજા પુરસ્કારોથી સન્માનિત કર્યા હતા.

૪) સેના દિવસ ભારતીય સેનાના પ્રથમ લેફ્ટનન્ટ જનરલ કે.એમ. કરિયપ્પાના માનમાં મનાવવામાં આવે છે.

૫) કે.એમ. કરિયપ્પાએ 15 જાન્યુઆરી 1949 ના રોજ ભારતીય સેનાના લેફ્ટનન્ટ જનરલનો પદભાર સંભાળ્યો હતો.

૬) ત્યારપછીના પ્રત્યેક વર્ષે 15 જાન્યુઆરીના રોજ સેના દિવસ મનાવવામાં આવે છે.

૭) સેના દિવસના દિવસે પરેડ તથા હથિયારોનું પ્રદર્શન યોજવામાં આવે છે.

### સમીક્ષા 171 (1) તા 18/1/2017

**પ્રથમ એશિયા પ્રશાંત બ્રોડકાસ્ટિંગ યુનિયન નૃત્ય મહોત્સવ હૈદરાબાદમાં સંપન્ન...**

૧) આજ સુધીનો પ્રથમ એશિયા–પ્રશાંત બ્રોડકાસ્ટિંગ યુનિયન નૃત્ય મહોત્સવ 15 જાન્યુઆરી 2017 ના રોજ હૈદરાબાદમાં સંપન્ન થયો.

૨) મહોત્સવનું ઉદ્ઘાટન કેન્દ્રીય સૂચના અને પ્રસારણ મંત્રી એમ.વૈંક્યાનાયડુ દ્વારા કરવામાં આવેલ.

૩) આ મહોત્સવનો ઉદેશ્ય એશિયા –પ્રશાંત ક્ષેત્રની વિવીધાતાઓને બહાર લાવવાનો છે, અને નૃત્ય કરતા સમયે આ વિસ્તારના અલગ–અલગ સમુદાય જે ખુશી વ્યક્ત કરે છે, તેની ઝાંખી કરવાનો છે.

૪) અન્ય ઉદેશ્ય એક આંતરરાષ્ટ્રીય ભાષાના અનુસંધાને નૃત્યના માધ્યમથી દુનિયાના અલગ–અલગ ક્ષેત્રના યુવાઓ વચ્ચે કડી રૂપ બનાવાનો પણ રખાયો છે.

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

www.edusafar.com

૫) ભારતના મોટા ભાગના પાડોશી દેશોએ આ મહોત્સવમાં ભાગ લીધો હતો.

૬) આ મહોત્સવનું આયોજન ભારતની સરકારી સેવા પ્રસારક પ્રસાર ભારતી દ્વારા કરવામાં આવ્યું હતું.

૭) એશિયા –પ્રશાંત બ્રોડકાસ્ટિંગ યુનિયનની સ્થાપના વર્ષ 1964 માં થયેલી છે.

## સમીક્ષા 172 (1) તા 19/1/2017

**રાષ્ટ્રીય વીરતા પુરસ્કાર 2016 માટે 25 બાળકોની પસંદગી થઇ...**

૧) દેશમાં રાષ્ટ્રીય વીરતા પુરસ્કાર વર્ષ 2016 માટે 25 બાળકોને પસંદ કરવામાં આવેલ છે, તેમાં 4 બાળકોને મરણોપરાંત આ સન્માન આપવામાં આવી રહ્યું છે.

૨) આ મરણોપરાંત બાળકોમાં એક છોકરી જમ્મુ કાશ્મીરથી છે, અને ત્રણ બાળકો દિલ્હીથી છે.

૩) રાષ્ટ્રીય વીરતા પુરસ્કાર 2016 ના બાળકોના નામની જાહેરાત ભારતીય બાળ કલ્યાણ પરિષદના અધ્યક્ષ ગીતા સિદ્ધાર્થ દ્વારા કરવામાં આવેલ.

૪) 23 જાન્યુઆરીના રોજ આયોજિત એક સમારોહમાં દેશના વડાપ્રધાન દ્વારા આ બાળકોને પ્રોત્સાહિત કરવામાં આવશે.

૫) કુલ પસંદ કરાયેલા બાળકોમાં 13 છોકરાઓ અને 12 છોકરીઓનો સમાવેશ થાય છે.

૬) દેશમાં આજ સુધીમાં 945 બાળકોને વીરતા પુરસ્કાર પ્રદાન કરવામાં આવી ચુક્યો છે, તેમાં 669 છોકરાઓ અને 276 છોકરીઓનો સમાવેશ થાય છે.

૭) દેશમાં રાષ્ટ્રીય વીરતા પુરસ્કારની શરૂઆત વર્ષ 1957 થી કરવામાં આવેલ છે.

## સમીક્ષા 173 (1) તા 20/1/2017

**ઉલ્લેખ એન.પી. દ્વારા લિખિત 'ધ અનટોલ્ડ વાજપેયી:પોલીટીશીયન એન્ડ પૈરાડોક્સ'નું વિમોચન કરવામાં આવ્યું...**

www.edusafar.com

# GK Samixa 1 થી 31 જાન્યુઆરી, સામાન્ય જ્ઞાન

૧) અટલ બિહારી વાજપેયીના જીવન પર એક નવી બુકસ આવેલ છે, તેનું નામ 'ધ અનટોલ્ડ વાજપેયી:પોલીટીશીયન એન્ડ પૈરાડોક્સ' રાખવામાં આવેલ છે.

૨) આ પુસ્તકના લેખક ઉલ્લેખ એન.પી. છે, આ બુક્સ અટલ બિહારીના જીવન પર આધારિત છે.

૩) ઉલ્લેખ એન.પી. ઓપન મેગેઝીનના કાર્યકારી સંપાદક છે, આ પુસ્તકના પ્રકાશક પેંગુઈનના કહેવા મુજબ આ વર્ષની સૌથી મોટી રાજનેતિક આત્મકથા આ બુક છે.

૪) આ બુક અટલજીને જોવાનો એક નવો અંદાજ આપે છે, તેમના સમયમાં ઘટેલી ઘટનાઓની મોટાભાગની વાતો તેમાં સમાવી લેવામાં આવી છે.

૫) ગત સાલ અટલજીના જીવન પર આવેલ બુક્સનું નામ હતું, 'હાર નહિ માંનુંગા' હતી.

૬) પૂર્વ પ્રધાનમંત્રી એક સારા વક્તા અને કવિ અને રાજનેતાની છાપ આ બુક્સ દ્વારા મેળવે છે.

૭) 'ધ અનટોલ્ડ વાજપેયી:પોલીટીશીયન એન્ડ પૈરાડોક્સ' પુસ્તક 304 પાનાનું છે, અને તેની કિમંત 599 રૂપિયા રાખવામાં આવેલ છે.

## સમીક્ષા 174 (1) તા 21/1/2017

**દસમાં જયપુર સાહિત્ય ઉત્સવનો શુભારંભ થયો...**

૧) દસમાં જયપુર સાહિત્ય ઉત્સવની શરૂઆત ગીતકાર ગુલઝારની કવિતાથી કરવામાં આવી.

૨) રાજસ્થાનના મુખ્યમંત્રી વસુંધરા રાજે અમેરિકી કવિ એન્ને વાલ્ડોમેન, ગુલઝાર અને અન્ય હસ્તિઓની હાજરીમાં આ પાંચ દિવસ સુધી ચાલનારા સમારોહની શરૂઆત કરેલ છે.

૩) આ સમારોહનો મુખ્ય વિષય છે, 'ધ ફ્રીડમ ટુ ડ્રીમ ઈન્ડિયા એટ 70'

૪) મુખ્યમંત્રી દ્વારા ડીઝીટલકરણની કેટલીય યોજનાઓને પણ સૂચીબદ્ધ કરેલ છે.

૫) આ સાહિત્ય સમારોહમાં 250 વિચારક લેખકો અને નેતા તથા અન્ય હસ્તિઓ સામેલ થનાર છે.

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

૬) જયપુર સાહિત્ય ઉત્સવ દર વર્ષે 21 થી 25 જાન્યુઆરી સુધી ઉજવવામાં આવે છે.

૭) જયપુર સાહિત્ય ઉત્સવની શરૂઆત વર્ષ 2006 માં ડીગ્ગી પેલેસમાં થઇ હતી.

૮) ડીગ્ગી પેલેસ આજ સુધીમાં આ આયોજન અંતર્ગત 1300 વક્તાઓ અને 12 લાખ લોકોની મેજબાની કરી ચુક્યો છે.

## સમીક્ષા 175 (1) તા 22/1/2017

**દિલ્હી પોલીસ આયુક્ત આલોક વર્મા સી.બી.આઈ.ના ચીફ તરીકે નિયુક્તિ પામ્યા...**

૧) કેન્દ્ર સરકાર દ્વારા દિલ્હી પોલીસ વડા આલોક કુમાર વર્માને 19 જાન્યુઆરી 2017 ના રોજ સી.બી.આઈ.ના પ્રમુખ તરીકે નિયુક્ત કરેલ છે.

૨) સી.બી.આઈ.ના પૂર્વ નિર્દેશક અનિલ સિંહા 2 ડીસેમ્બર 2016 ના રોજ સેવા નિવૃત થયા હતા, ત્યારબાદ રાકેશ અસ્થાનાને કાર્યકારી નિર્દેશક બનાવાયા હતા.

૩) આલોક વર્માએ 24 ડીસેમ્બર 1979 માં દિલ્હી પોલીસમાં આયુક્ત(પ્રશિક્ષુ) તરીકે કેરિયરનો પ્રારંભ કર્યો હતો.

૪) 29 ફેબ્રુઆરી 2016 ના રોજ આલોક વર્મા દિલ્હી પોલીસ આયુક્ત તરીકે નિયુક્ત કરાયા હતા.

૫) આ પહેલા તેઓ તિહાર જેલમાં મહાનિર્દેશક તરીકે પોતાની ફરજ બજાવતા હતા.

૬) પ્રધાનમંત્રી કાર્યાલયમાં 45 આઈ.પી.એસ.ના નામોની સૂચી મોકલવામાં આવી હતી.

૭) આ પદ માટે કૃષ્ણ ચૌધરી અને અરુણા બહુગુણાને દાવેદાર માનવામાં આવતા હતા.

## સમીક્ષા 176 (1) તા 23/1/2017

**મોના મેશરામને ભારતીય મહિલા ટીમમાં સામેલ કરવામાં આવ્યા...**

૧) મોના મેશારમને ફેબ્રુઆરી 2017 માં  કોલમ્બોમાં યોજાનાર આઈ.સી.સી .મહિલા વિશ્વકપ ક્વોલીફાયર માટે ભારતીય ટીમમાં સામેલ કરવામાં આવેલ છે.

૨) મોના મેશરામને સ્મૃતિ મંધનાની જગ્યાએ ટીમમાં સામેલ કરવામાં આવેલ છે.

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

3) ભારતીય ટીમ આગામી 7 ફેબ્રુઆરીથી શરુ થનાર મેચોમાં શ્રીલંકા પહેલા દક્ષિણ આફ્રિકા સામે રમશે.

૪)વિશ્વકપનું આયોજન બ્રિટનમાં 26 જુન 2017 થી 23 જુલાઈ 2017 સુધી કરવામાં આવેલ છે.

૫) મોના મેશરામનો જન્મ 30 સપ્ટેમ્બર 1991 માં નાગપુરમાં થયો હતો.

૬) મોના મેશરામ એક ભારતીય ક્રિકેટર છે, તે ભારતીય મહિલા ક્રિકેટ ટીમ માટે રમે છે.

૭) વર્ષ 2010 –11 માં તેઓને સર્વશ્રેષ્ઠ જુનીયર મહિલા ક્રિકેટર હોવાને કારણે બી.સી.સી.આઈ.ના એમ.એ. ચિદમ્બરમ  પુરસ્કારથી સન્માનવામાં આવ્યા હતા.

## સમીક્ષા 177 (1) તા 24/1/2017

**સુસ્મિતા સેન મિસ યુનિવર્સ 2017 પ્રતીયોગીતાના જજ બનશે...**

૧) પૂર્વ મિસ યુનિવર્સ અને બોલીવૂડ અભિનેત્રી સુસ્મિતા સેન આગામી મિસ યુનિવર્સ સૌંદર્ય પ્રતિયોગિતાના 65 માં સંસ્કરણમાં નિર્ણાયક મંડળનો હિસ્સો બનશે.

૨) મિસ યુનિવર્સ 2017 સ્પર્ધા 30 જાન્યુઆરી 2017 ના રોજ આયોજિત કરવામાં આવશે.

3) વર્ષ 1994 માં સુસ્મિતા સેને મનીલામાં આયોજિત સ્પર્ધામાં મિસ યુનિવર્સની સ્પર્ધા જીતી હતી,ત્યાં ફરીવાર તે સ્પર્ધા યોજાઈ રહી છે,ત્યારે તેઓ જજની ભૂમિકા નિભાવશે.

૪) સુસ્મિતા સેન 23 વર્ષ પછી આ સ્પર્ધાનો હિસ્સો બનવા જઈ રહ્યા છે.

૫) મિસ યુનિવર્સ 2017 માં ભારતનું પ્રતિનિધિત્વ રોશ્મિતા હરીમુર્તિ કરશે.

૬) સુસ્મિતા સેન મિસ યુનિવર્સનો ખિતાબ જીતનાર પ્રથમ ભારતીય મહિલા છે.

૭) મિસ યુનિવર્સ સંગઠનની સ્થાપના વર્ષ 1952 માં કરવામાં આવેલ છે, આ સ્પર્ધાનું આયોજન દર વર્ષે કરવામાં આવે છે.

૮) વિશ્વમાં પ્રથમ મિસ યુનિવર્સનો ખિતાબ ફિનલેન્ડની અર્મી કુસેલાએ  વર્ષ 1956 માં જીત્યો હતો.

આપ Google  Play  Store માં જઈ Edusafar લખી સર્ચ કરી  એપ્સ ડાઉનલોડ કરો

## સમીક્ષા 178 (1) તા 25/1/2017

**રાષ્ટ્રીય બાલિકા દિવસ સમગ્ર દેશમાં મનાવવામાં આવ્યો...**

૧) 24 જાન્યુઆરી 2017 ના રોજ સમગ્ર દેશમાં રાષ્ટ્રીય બાલિકા દિવસ મનાવવામાં આવ્યો.

૨) કન્યા કેળવણી તથા દીકરીઓને માન મળે તે હેતુથી આ દિવસ ઉજવવામાં આવેલ.

૩) કેન્દ્ર સરકાર દ્વારા વર્ષ 2008 થી દર 24 જાન્યુઆરીના રોજ રાષ્ટ્રીય બાલિકા દિવસ તરીકે ઉજવણી કરવામાં આવે છે.

૪) આ દિવસ ઉજવવા પાછળ ઘણા કારણોમાં એક કારણ સ્ત્રી ભ્રૂણહત્યા હત્યા પણ રહેલ છે.

૫) બાળકીઓ માટે તિરસ્કૃત સ્વભાવ દીકરીના વિકાસને કુંઠિત કરે છે, તે બાબતે જાગરૂકતા લાવવા માટે પણ આ દિવસ ઉજવવામાં આવે છે.

૬) દેશમાં ઘટતી સ્ત્રીઓની સંખ્યાને ધ્યાને લેતા પણ આ દિવસ ઉજવવામાં આવે છે.

૭) રાષ્ટ્રીય બાલિકા દિવસના પ્રસંગે આપણે પ્રતિજ્ઞા લેવી જોઈએ કે અમે સ્ત્રી ભ્રૂણહત્યા નહિ કરીએ તથા લિંગ ભેદ પણ નહિ રાખીએ.

## સમીક્ષા 179 (1) તા 26/1/2017

**કેન્દ્રીય મંત્રી મંડળે વરિષ્ઠ પેન્શન વીમા યોજનાને મંજુરી આપી...**

૧) 24 જાન્યુઆરી 2017 ના રોજ કેન્દ્રીય મંત્રી મંડળ દ્વારા વરિષ્ઠ પેન્શન વીમા યોજનાને મંજુરી આપવામાં આવેલ છે.

૨) નાણાકીય સમાવેશન અને સામાજિક સુરક્ષા યોજનાના એક ભાગ સ્વરૂપે વરિષ્ઠ પેન્શન યોજનાને મંજુરી આપવામાં આવેલ છે.

૩) નાણા મંત્રાલય દ્વારા કહેવામાં આવેલ છે કે આ યોજના અનીશ્ચિત બજારની સ્થિતિઓના કારણે વૃદ્ધાઅવસ્થા દરમિયાન 60 વર્ષથી વધારે વયના લોકોને ભવિષ્યમાં તેઓની વ્યાજની આવકમાં ઘટાડો ન થાય તે માટે સુરક્ષા પ્રદાન કરશે.

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

૪) આ યોજનાને ચાલુ વર્ષે ભારતીય જીવન વીમા નિગમના માધ્યમથી શરુ કરવામાં આવશે.

૫) આ યોજના અંતર્ગત દસ વર્ષ સુધી પ્રતિવર્ષ 8 ટકા વાર્ષિક વ્યાજ સાથે પેન્શન સુવિધા લાગુ કરવામાં આવશે.

૬) આ યોજનાનો ઉદેશ્ય 60 વર્ષ તથા તેના ઉપરના વડીલોએ સુરક્ષા પ્રદાન કરવાનો રાખવામાં આવેલ છે.

૭) વરિષ્ઠ પેન્શન વીમા યોજના વર્ષ 2017 થી એક વર્ષ માટે સભ્ય નોંધણી કરશે.આ યોજના સરકારની સામાજિક સુરક્ષા તથા વીતીય સમાવેશનનો એક ભાગ છે.

## સમીક્ષા 180 (1) તા 27/1/2017

**પંકજ અડવાણી સાતમી વાર રાષ્ટ્રીય બિલિયર્ડસ અને સ્નુકર ચેમ્પિયન બન્યા…**

૧) હાલમાં 150 અપ ફોર્મેટમાં વિશ્વ ચેમ્પિયન બનનાર પંકજ અડવાણી ભારતીય બિલિયર્ડસ અને સ્નુકર ખેલાડીએ એક વધારે ખિતાબ પોતાના નામે કરેલ છે.

૨) રાષ્ટ્રીય ચેમ્પિયનશીપની ફાઈનલમાં પંકજ અડવાણીએ રૂપેશ શાહને 5–1 થી હરાવેલ.

૩) પંકજ અડવાણીએ સેમી ફાઈનલમાં બ્રિજેશ દામાણીને હરાવી ફાઈનલમાં પ્રવેશ મેળવ્યો હતો.

૪) પંકજ અડવાણીનો જન્મ 24 જુલાઈ 1985 ના રોજ પુણે મહારાષ્ટ્રમાં થયો હતો.

૫) પંકજ અડવાણી સ્નુકર અને બિલિયર્ડસના વિશ્વ વિજેતા બની ચુક્યા છે.

૬) પંકજ અડવાણીએ પ્રથમ બિલિયર્ડસ ખિતાબ વર્ષ 2001 માં જીત્યો હતો.

૭) સ્નુકર ખેલ ચીનમાં વિશેષ રૂપથી પ્રખ્યાત છે, અને વિશ્વમાં  ડેવીસ દ્વારા પ્રથમ વિશ્વ સ્નુકર પ્રતિયોગીતાનું આયોજન કરવામાં આવ્યું હતું.

## સમીક્ષા 181 (1) તા 28/1/2017

**ભ્રષ્ટાચાર બાબતે ભારત વિશ્વમાં 79 માં સ્થાને …**

આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી  એપ્પ્સ ડાઉનલોડ કરો

૧) બર્લિનની ભ્રષ્ટાચાર સંદર્ભે સર્વે કરનાર અને તેના પર ધ્યાન રાખનાર એવી ટ્રાન્સપરન્સી ઈન્ટરનેશનલ દ્વારા ભ્રષ્ટાચાર મામલે વિશ્વના 176 દેશોની યાદી બહાર પાડેલ છે.

૨) ટ્રાન્સપરન્સી ઈન્ટરનેશનલ દ્વારા ભ્રષ્ટાચારની યાદી બહાર પાડવામાં આવી તેમાં ભારતને 79 મુ સ્થાન આપવામાં આવેલ છે.

૩) ટી.આઈ.ની સી.પી.આઈ.–2016 ના રીપોર્ટમાં ન્યુઝીલેન્ડ અને ડેન્માર્ક દેશોને સૌથી ઓછા ભ્રષ્ટાચાર વાળા દેશ બતાવવામાં આવ્યા છે.

૪) સર્વેમાં ન્યુઝીલેન્ડ અને ડેન્માર્કને 90 અંક મળેલ છે.જે ભારત કરતા વધારે છે.

૫) સોમાલિયા દેશને સૌથી વધારે ભ્રષ્ટ દેશ બતાવવામાં આવેલ છે, તેને માત્ર 10 અંક પ્રાપ્ત થયેલા છે.

૬) ભારત અને ચીનને કરપ્શન પરસેપ્શન ઈન્ડેક્સ–2016 માં ભ્રષ્ટાચાર બાબતે એક સાથે 79 માં સ્થાને રાખવામાં આવેલ છે.

૭) ટી.આઈ.ના સર્વેક્ષણમાં બંને દેશોએ 40–40 અંકો પ્રાપ્તકરેલ છે.વર્ષ 2015 માં આ અંક 38 હતા.

૮) આ સર્વે પરથી તારણ નીકળે છે કે ભારત ભ્રષ્ટાચાર રોકવામાં પાછળ હટતું જાય છે.(આપણી મશીનરી મોટા ગોટાળાઓ રોકી શકતી નથી.)

## સમીક્ષા 182 (૧) તા 29/1/2017

**શહીદ હવાલદાર હંગપન દાદાને મરણોત્તર અશોક ચક્રથી સન્માનિત કરવામાં આવ્યા...**

૧) 26 જાન્યુઆરી 2017 ના રોજ શહીદ હવાલદાર હંગપન દાદાને મરણોત્તર અશોક ચક્રથી સન્માનિત કરવામાં આવ્યા છે.

૨) હંગપન દાદા મેં 2016 માં જમ્મુ કાશ્મીરમાં આંતકવાદીઓ સાથે મુકાબલામાં શહીદ થયા હતા.

૩) હંગપન દાદાની પત્ની ચેસન લોવંગે આ સન્માન રાષ્ટ્રપતિ પાંસેથી પ્રાપ્ત કર્યું.

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

૪) વીરતા પુરસ્કારોમાં સૌથી મોટું સન્માન છે,તેઓને આ સન્માન વીરતા, અદમ્ય સાહસ અને બલિદાન માટે આપવામાં આવેલ છે.

૫) હંગપન દાદાના નેતૃત્વમાં 1300 ફૂટની ઉંચાઈએ ચાર આંતકવાદીઓને ખતમ કરવામાં આવ્યા હતા.

૬) હંગપન દાદાનો જન્મ 2 ઓક્ટોબર 1979 માં અરુણાચલ પ્રદેશમાં થયો હતો.

૭) સૈનિકો તથા અન્યને આ સન્માન અસાધારણ વીરતા માટે આપવામાં આવે છે, તે મરણોપરાંત પણ આપી શકાય છે.

## સમીક્ષા 183 (1) તા 30/1/2017

**ચીન દ્વારા અવાક્સ પ્રણાલીની મિસાઈલનું પરિક્ષણ કરવામાં આવ્યું...**

૧) ચીનની વાયુસેનાએ આકાશથી આકાશમાં પ્રહાર કરી શકે તેવી મિસાઈલ પરીક્ષણ કરેલ છે.

૨) ચીનની વાયુસેનાએ પરિક્ષણ કરેલ આ મિસાઈલ 400 કિલોમીટર સુધી પ્રહાર કરી શકવાની ક્ષમતા ધરાવે છે.

૩) આ મિસાઈલ યુદ્ધ ક્ષેત્રથી દુર રહેનાર એરિયલ રીફ્યુલીંગ વિમાન જેવા મહત્વના લક્ષ્યો પર નિશાન પાર પાડી શકે તેમ છે.

૪) આ મિસાઈલની લંબાઈ 22 મીટર જેટલી છે, જે એક લાંબા વિમાનનો એક ચતુર્થ ભાગ છે.

૫) આ મિસાઈલ નવેમ્બર 2016 ના યુદ્ધ અભ્યાસ દરમિયાન દેખાઈ હતી.

૬) વાયુસેનાના યુદ્ધ અભ્યાસ દરમિયાન લગભગ 100 વિમાનો અને વાયુરક્ષા અને ઈલેક્ટ્રોનિક એકમોએ ભાગ લીધો હતો.

૭) આ મિસાઈલથી ચીનની સૈન્ય શક્તિમાં વધારો થયો અને સૈન્યને નવી પ્રણાલી પ્રાપ્ત થયેલી છે.

## સમીક્ષા 184 (1) તારીખ 31/1/2017

આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો

**સમીક્ષા 184(1) તારીખ 31/1/2017**

**ડો. વિજય ભાટકર નાલંદા વિશ્વ વિદ્યાલયના કુલપતિ તરીકે નિયુક્ત…**

૧) હાલમાં ડો. વિજય ભાટકરને આંતરરાષ્ટ્રીય નાલંદા વિશ્વ વિદ્યાલયના કુલપતિ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

૨) વિજય ભાટકરની નિયુક્તિ દેશના રાષ્ટ્રપતિ દ્વારા કરવામાં આવી છે, તેઓ ત્યાં ત્રણ વર્ષ સુધી પોતાની સેવા આપશે.

૩) તેઓ આ વિશ્વ વિદ્યાલયના ત્રીજા કુલપતિ તરીકે નિયુક્તિ પામેલા છે.

૪) વિજય ભાટકરની ગણતરી વિશ્વના ખ્યાતનામ વૈજ્ઞાનિકોમાં થાય છે,તેઓને આઈ.ટી.ક્ષેત્રના સુત્રધાર તરીકે માનવામાં આવે છે.

૫) તેઓએ ભારતના સુપર કમ્પ્યુટરના વિકાસમાં ખુબ જ અગત્યનું યોગદાન આપેલ છે.

૬) વિજય ભાટકર ભારતના પ્રથમ સુપર કમ્પ્યુટરના નિર્માતા તથા સી–ડિક સુપર કમ્પ્યુંટીગના સંસ્થાપક કાર્યકારી નિર્દેશક પણ રહી ચુક્યા છે.

૭) વિજય ભાટકર દ્વારા 12 જેટલી બુક્સ તથા એંશીથી વધારે શોધપત્રોનું પ્રકાશન કરવામાં આવેલ છે.

**– પરેશ ચાવડા**

www.edusafar.com

આપ **Google Play Store** માં જઈ **Edusafar** લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો